**નવી સેવા વર્ષ–૨૦૧૫–૧૬**
ડાયરેક્ટર જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજયના નિયંત્રણ હેઠળના તાલીમ કેન્દ્રો ખાતે હવાલદાર ઈન્સ્ટ્રકટર, વર્ગ–૩ ની ૧૪ જગ્યાઓ ઉભી કરવા અંગેની વહીવટી મંજૂરી આપવા બાબતે.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૧૪/૧૭૬૬/ફ,**
સચિવાલય,ગાંધીનગર,
તારીખઃ–૨૧/૪/૨૦૧૫

**વંચાણે લીધા :–**

(૧) ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદના તા.૨૪/૧૧/૨૦૧૪ ના પત્રક્રમાંકઃકજ/મકમ/૧૫૭૨/૩૫૧૬ થી ૩૫૧૮/૨૦૧૪.

**ઠરાવ :–**

ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદના નિયંત્રણ હેઠળના તાલીમ કેન્દ્રો ખાતે યોજાતા તાલીમ કેમ્પોમાં વિવિધ જિલ્લાઓમાંથી આવતા હોમગાર્ડઝ સભ્યોને શિસ્તબધ્ધ અને તાલીમબધ્ધ કરવા હવાલદાર ઈન્સ્ટ્રકટર, વર્ગ–૩ ની જગ્યાઓ ઉકત વંચાણે લીધેલ ક્રમાંક(૧) માં દર્શાવેલ પત્રથી નવી સેવા ૨૦૧૫–૧૬ માં મંજુર કરવા અંગેની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

પ્રસ્તુત બાબતે પુખ્ત વિચારણાના અંતે ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદના નિયંત્રણ હેઠળના નીચે મુજબના તાલીમ કેન્દ્રો ખાતે હવાલદાર ઈન્સ્ટ્રકટર, વર્ગ–૩ ની કુલ–૧૪ જગ્યાઓ રૂ.૫૨૦૦–૨૦૨૦૦ ગ્રેડ પે–૨૪૦૦/– ના પગાર ધોરણમાં નવી સેવા ૨૦૧૫–૧૬ માં અંદાજપત્રીય જોગવાઈ મુજબ રૂ.૧૨.૦૦ લાખના ખર્ચે મંજુર કરવા અંગે નીચેની શરતોને આધીન આથી સરકારશ્રીની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | કચેરીનુ નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટયુટ, દાંતીવાડા જિ.બનાસકાંઠા | ૦૨ |
| ૨ | જિલ્લા તાલીમ કેન્દ્ર, જરોદ, જિ.વડોદરા | ૦૬ |
| ૩ | જિલ્લા તાલીમ કેન્દ્ર, માધવનગર, જિ.અમદાવાદ | ૦૬ |
| | **કુલઃ–** | **૧૪** |

ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝના મહેકમ પરની તેઓના નિયંત્રણ હેઠળના બહાદુરપુર ટ્રેનિંગ સેન્ટર, જિ.વડોદરા ખાતેની હવાલદાર ઈન્સ્ટ્રકટર, વર્ગ–૩ ની કુલ–૦૪(ચાર) કાયમી જગ્યાઓ સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટયુટ, દાંતીવાડા જિ.બનાસકાંઠા ખાતે તબદીલ કરવામાં આવે છે.

શરતોઃ-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ ઘ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ અંગેના થનાર ખર્ચ પેટે ૨૫ ટકા લેખે કેન્દ્ર સરકારનો હિસ્સો કેન્દ્ર સરકાર પાસેથી સમયસર મજરે મેળવવાની જવાબદારી ખાતાના વડાની રહેશે.

(૮) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૯) જે તે જગ્યાઓના પગાર ધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તેની ખાતરી કરી લેવાની જવાબદારી ખાતાના વડાની રહેશે.

(૧૦) સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણુંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/ જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર ઘ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૧) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે ખાતાના વડાએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૨) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૩) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૪) રાજય સરકાર ઘ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૫) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ ના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો ખાતાના વડાએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૬) પ્રસ્તુત જગ્યાઓ સીધી ભરતી/ બઢતીથી ભરવા પૂર્વે સરકારની મંજૂરી મેળવવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ નીચેના સદરે ઉધારવામાં આવશે, અને તે હેઠળ ચાલુ વર્ષ–૨૦૧૫–૧૬ ના અંદાજપત્રમાં મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | માંગણી ક્રમાંક: | ૪૬ |
| (૨) | મુખ્ય સદર | ૨૦૭૦–અન્ય વહીવટી સેવાઓ |
| (૩) | પેટા મુખ્ય સદર | ૦૦ |
| (૪) | ગૌણ સદર | ૧૦૭– ગૃહરક્ષક દળ |
| (૫) | પેટા સદર | ૦૧– ગૃહરક્ષક દળ |
| (૬) | ખર્ચનો પ્રકાર | ૭૫ ટકા પ્લાન, ૨૫ ટકા નોન પ્લાન |
| (૭) | ખર્ચનું હેડ ચાર્જેબલ | ૨૦૭૦ ૦૦ ૧૦૭ ૦૧ |
| (૮) | પ્લાન યોજના કોડ | ૧૧૪૫૨૫ |

૩. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અ.મુ.સચિવશ્રી (નાણા) નાણા વિભાગની તા.૧૫/૪/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(ઉમેશ શર્મા)**
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ,

(૧) ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ,ગુજરાત રાજય,શાહીબાગ,અમદાવાદ.
(૨) કમાન્ડન્ટશ્રી, સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટયુટ, દાંતીવાડા, જિ.બનાસકાંઠા.
(૩) જિલ્લા કમાન્ડન્ટશ્રી, જિલ્લા હોમગાર્ડઝ કચેરી, વડોદરા.
(૪) સેન્ટર કમાન્ડરશ્રી, જિલ્લા તાલીમ કેન્દ્ર, જરોદ, જિ.વડોદરા.
(૫) સેન્ટર કમાન્ડરશ્રી, જિલ્લા તાલીમ કેન્દ્ર, માધવનગર, જિ.અમદાવાદ.
(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
(૭) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, પાલનપુર–બનાસકાંઠા/વડોદરા/અમદાવાદ.
(૮) સચિવશ્રી, (ખર્ચ),નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૯) નાણાં સલાહકારશ્રી(ગૃહ) નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૧૦) બજેટ શાખા,ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૧૧) શાખા સિલેકટ ફાઈલ.